# ગુજરાત વિધાનસભા સચિવાલય ચૌદમી વિધાનસભા

## આઠમું સત્ર

## ગુરુવાર, ૦૪ માર્ચ, ૨૦૨૧

## બપોરે ૧૨:૦૦વાગ્યે

1.
**પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર મંત્રીશ્રી

(૨) માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી

(૩) માનનીય પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી

(૪) માનનીય સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:-

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક માછીમારી કરી રહેલી પોરબંદરની બે અને વેરાવળની એક સહિત ૩ બોટને અને ૧૮ માછીમારોને પાકિસ્તાનની મરીન એજન્સીએ અપહરણ કરી લીધેલ છે તેમજ પાકિસ્તાન મરીન સિક્યુરીટી દ્વારા આઈએમબીએલ નજીક માછીમારી કરતી બોટોને શરણે થવાની ફરજ પાડવામાં આવે છે તેના કારણે માછીમારોમાં ફેલાયેલ ભય અને રોષ દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

3. **રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)** માનનીય સભ્ય શ્રી આત્મારામ પરમારે તા.૧લી માર્ચ, ૨૦૨૧ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ :- રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો :- ”અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.”

4.
**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

(1)

## દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો

(i)
સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક

**......માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુંમર**

(ii)
સન ૨૦૨૧નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક

**......માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા**

(2)

## પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાબિન-સરકારી વિધેયકો

(i) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૮નું ગુજરાત સ્માર્ટ સીટીઝ વિકાસ સત્તામંડળ વિધેયક

**...... માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ**

(ii) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૯- સન ૨૦૧૮નું ગુજરાત ઘરેલુ કામદારો અને વૃદ્ધ વયની વ્યક્તિઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક

**...... માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ**

(iii)
સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૨૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક

(iv)
સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૪- સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક

**...... માનનીય સભ્યશ્રી પૂર્ણેશ મોદી**

**(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી)** **(શ્રી ડી. એમ. પટેલ)**

******************